SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)
Website : www.spuvvn.edu

એકેડેમીક વિભાગ

# પરીપત્ર

આથી સંબંધકર્તા સર્વે વિદ્યાર્થીઓ અને સંબંધકર્તા કોલેજને જણાવવાનું કે એમ.એડ્. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા તા. ૦૪/૧૦/૨૦૨૧ થી ૧૩/૧૦/૨૦૨૧ સુધી આયોજન કરવામાં આવેલ છે.

**એમ.એડ્. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.**

૧. ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર **તા. ૦૪/૧૦/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તા. ૧૦/૧૦/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક** સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે.

૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેથી નથી.

૩. વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે વિભાગ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે વિભાગ/ કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે.

૪. વિભાગ/કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં વિભાગ/કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિક્કા કરી ફી ભરાવ્યા બાદ વિભાગ/ કોલેજના પોર્ટલ પર વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ **તા. ૧૩/૧૦/૨૦૨૧ સાંજના ૫.૦૦ કલાક** સુધી કરવાનો રહેશે, અને વિદ્યાર્થીઓના ફોર્મ તમામ બિડાણો સહિત વિભાગ/કોલેજમાં બે વર્ષ માટે જાળવણી કરવાની રહેશે.

૫. જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાના વિભાગ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ અન્ય વિભાગ/ કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે વિભાગ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી પોતાના વિભાગ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રીના પ્રવેશ ફોર્મ ઉપર પ્રવેશ રદ કરવા અંગેની ભલામણ કરી વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં **તા. ૧૩/૧૦/૨૦૨૧ સાંજના ૨.૦૦ કલાક** સુધી અરજી આપવાની રહેશે. ત્યારબાદ અન્ય વિભાગ/કોલેજમાં પ્રવેશ માટે પોતાનું પ્રવેશ ફોર્મ રજૂ કરવાનું રહેશે.

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/3858
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ५-१०-२१

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના :

૧. વડાશ્રી/આચાર્યશ્રી, એમ.એડ્. અનુસ્નાતક અભ્યાસક્રમ ચલવાતા વિભાગ/કોલેજ તરફ જાણ સારૂ.

૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ ઉપરોકત તારીખો દરમ્યાનની કાર્યવાહી કરવા સારૂ.